


# આજે સ્વયં સિદ્ધ મુહૂર્ત... દશેરા-વિજયા દશમી!



આજે દશેરા છે. સ્વયં સિદ્ધ મૂહૂર્ત છે.. અણપૂછ્યું મુહૂર્ત.. અબૂઝ મુહૂર્ત ગણાય.. આજે એવો દિવસ છે કે જેનો સમય જોવાની કે ગણતરી કરવાની જરૂર ના પડે. એટલે કે 'જોયા વગરનું' અથવા 'પચાંગ જોયા વિનાનું' મુહૂર્ત છે!

દશેરા (વિજ્યાદશમી)નું પર્વ મંગળવાર, 20 ઓક્ટોબર 2026માં ઊજવાશે. આજના દિવસે કોઈ પંચાગ જોયા વગર કોઈ પણ સમયે- કોઈ પણ શુભ કાર્ય, નવી શરૂઆત કે ખરીદી કરી શકાય છે.

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

### મુખ્ય મુહૂર્ત તેમ જ સમય

- દશમી તિથિની શરૂઆતઃ 20 ઓક્ટોબર 2026ના રોજ બપોરે 12:50 વાગ્યાથી
- દશમી તિથિની સમાપ્તિઃ 21 ઓક્ટોબર 2026ના રોજ બપોરે 02:11 વાગ્યા સુધી
- વિજ્ય મુહૂર્તઃ બપોરે 01:59 વાગ્યાથી બપોરે 02:45 વાગ્યા સુધી
- અપરાહન પૂજાનો સમયઃ બપોરે 01:14 વાગ્યાથી બપોરે 03:30 વાગ્યા સુધી
- રાવણ દહન (પ્રદોષ કાળ/ સૂર્યાસ્ત પછી): સાંજે 05:47 વાગ્યા પછી (અમદાવાદ અને મુંબઈ ક્ષેત્રમાં સાંજે 06:15 વાગ્યાથી રાત્રે 08:40 વાગ્યા વચ્ચેનો ઉત્તમ સમય)

### આજના દિવસમાં મુખ્ય કાર્ય

- અબૂઝ મુહૂર્તઃ કોઈ મુહૂર્ત જોયા વગર કે પંચાગ જોયા વગર... નવો વેપાર, ગૃહપ્રવેશ, વાહન ખરીદી કે માંગલિક કાર્ય આરંભ કરી શકાય છે. આજકાલ લોકો ખરીદીમાં ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ વિશેષ ખરીદે છે.

શસ્ત્રપૂજા અને શમી પૂજનઃ વિજય મુહૂર્ત કે અપરાહન કાળમાં થઈ શકે છે.

**વર્ષમાં એક વાર જ એવી તિથિ આવે છે જે 'સ્વયં વિજયના આશીર્વાદ લઈને આવે છે!'**

-----

વર્ષમાં એકવાર એવી તિથિ આવે છે... જ્યારે સમય જ સ્વયં (પોતે) 'વિજયના આશીર્વાદ' લઈને ઊતરે છે. તે તિથિ છે. આસો સુદ દશમ. વિજયાદશમી.

આ વર્ષે તેમાં એક વિશેષતા વધુ જોડાયેલી છે. ગુરુ અત્યારે પણ કર્ક રાશિમાં ઉચ્ચનો છે. 31 ઓક્ટોબરથી તે સિંહમા જશે. અર્થાત્ વિજયાદશમી 2026ના દિવસે ઉચ્ચ બૃહસ્પતિ આકાશમાં બિરાજમાન થશે.

મંગળવારનો દિવસ. ઉચ્ચનો ગુરુ, શ્રવણ નક્ષત્ર, વિજય મુહૂર્ત.... આ સંયોગ સાધારણ નથી.

એક મહત્ત્વપૂર્ણ વાતઃ 20 ઓક્ટોબરની 'સવારે અત્યારે પણ નવમી તિથિ છે.'

દશમી તિથિ 12:50 વાગ્યાથી પ્રારંભ થાય છે. એટલા માટે વિજયાદશમીની બધી પૂજાઓ બપોરે પછી જ કરવી જોઈએ.

- જે લોકો સવારે જલદી પૂજા કરીને પરવારી જાય છે- તે વાસ્તવમાં નોમની પૂજા કરી રહ્યા હોય છે... દશમની નહીં!

# 7 રાશિઓ માટે ગુરુનું સિંહ રાશિમાં ગોચર 86 દિવસની દિવાળી!!

દેવગુરુ 'બૃહસ્પતિ' (ગુરુ) સમય-સમય પર પોતાની ચાલ કે અવસ્થામાં પરિવર્તન કરતા રહે છે.

અત્યારના સમયમાં ગુરુ પોતાની ઉચ્ચ રાશિ- કર્કમાં બિરાજમાન છે.

31 ઓક્ટોબર 2026ના રોજ 'સિંહ રાશિ'માં ગોચર કરશે. સિંહ રાશિમાં 'ગુરુ' લગભગ 86 દિવસ એટલે કે 24 જાન્યુઆરી 2027 સુધી બિરાજમાન રહેશે.

'ગુરુ'નું 'સિંહ' ગોચર શુભ અને લાભકારક માનવામાં આવે છે. ગુરુ અને સૂર્યની વચ્ચે 'મિત્રતા' નો ભાવ છે. ગુરુને જ્ઞાન, ધન, ઐશ્વર્ય અને સમૃદ્ધિનો કારક માનવામાં આવે છે. જ્યારે સૂર્ય-આત્મવિશ્વાસ, ઊર્જા અને પિતાનો કારક છે.

કહેવાય છે કે, જ્યારે સૂર્ય સિંહ રાશિમાં આવે છે ત્યારે જાતકોને આત્મસન્માનમાં વૃદ્ધિ, જ્ઞાન અને શિક્ષણ પ્રાપ્તિ, આર્થિક સ્થિતિમાં સુધારો લાવે છે અને ધનની પ્રાપ્તિ- જેવા શુભફળ પ્રાપ્ત થાય છે.

જીવનમાં સારો બદલાવ આવવાના કારણે ગુરુનો ગોચર કાળ- કેટલીક વિશેષ રાશિઓ માટે વરદાન સાબિત થઈ શકે છે. હવે જાણીએ કે, ગુરુનું સિંહ ગોચર કઈ રાશિઓ માટે લાભકારક રહેશે.



**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

### મેષ રાશિ

મેષ રાશિવાળાઓ માટે- ગુરુનું ગોચર અત્યંત શુભ સાબિત થશે. આ સમયે તમારી ધનની સ્થિતિમાં સુધારો થશે. આકસ્મિક ધન લાભનો યોગ પણ બની રહ્યો છે. ભૂમિ (જમીન), ભવન (મકાન) અને વાહનની ખરીદદારી સંભવ છે. કોઈ સકારાત્મક સમાચારની પ્રાપ્તિ થઈ શકે છે. કાર્યોમાં સફળતા મળશે. પરિવારથી સંકળાયેલી પરેશાનીઓ ધીરે-ધીરે ખતમ થઈ જશે અને સભ્યો વચ્ચે તાલમેલ વધશે. શિક્ષણના ક્ષેત્રમાં જોડાયેલા લોકોને સારાં ફળોની પ્રાપ્તિ થશે. વ્યાવસાયિક સ્થિતમાં સુધારો થશે.

### મિથુન રાશિ

મિથુન રાશિવાળાઓને માટે આ સમય દરમિયાન આર્થિક લાભનો સંકેત છે. ગુરુના સિંહ ગોચર કાળમાં આવકમાં વધારો થશે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયાર કરી રહેલા લોકોને સફળતા મળી શકે છે. પારિવારિક જીવન પણ ઘણું સારુ રહેશે. સુખ, શાંતિ અને સમૃદ્ધિનું આગમન થઈ શકે છે. આરોગ્યથી જોડાયેલી થોડીક તકલીફ રહી શકે છે, પરંતુ તેમાં તમે પાર પાડી શકશો. કોઈ અટકેલા કામોમાં સફળતા મળવાનાં સંકેત છે. કોઈ નવા કામની શરૂઆત કરવા માટે આ સમય સારો છે.

### તુલા રાશિ

ગુરુનું સિંહ ગોચર તુલા રાશિ માટે લાભકારક રહેશે. આ સમયે તમોને કેરિયરમાં સફળતા મળશે. કોઈ સહ-કર્મચારીના સહયોગથી અટકેલાં કાર્યોને પૂર્ણ કરવામાં સફળ રહેશો. કાર્યક્ષેત્રમાં પોતાની પ્રતિભા દેખાડવાનો અવસર મળશે... જેનો તમે ભરપૂર લાભ ઊઠાવશો. ધન-લાભના સંકેત છે. આવકના નવા માર્ગ બનશે અને જૂના માર્ગોથી પણ લાભ થઈ શકે છે. વ્યાવસાયિક સ્થિતિ સારી રહેશે. કોઈ શુભ સમાચાર મળશે.

### ધન રાશિ

ધન રાશિ માટે ગુરુનુ ગોચર લાભકારક સાબિત થઈ શકે છે. આ સમયે તમારાં ભૌતિક સુખોમાં વધારો થશે. ભૂમિ ભવન અને વાહનની ખરીદવાનો સંકેત છે. કાર્યક્ષેત્રમાં મોટી ઉપલબ્ધિ કે સફળતા મળી શકે છે. ખર્ચમાં ઘટાડો થશે. અને બચત કરવી સંભવન બનશે. જીવનસાથીની સાથે સારો સમય વિતાવશો. વેપારમાં નફો વધશે. સિંગલ જાતકોની લાઈફમાં કોઈ ખાસ શખ્સની એન્ટ્રી થઈ શકે છે.

### વૃશ્ચિક રાશિ

વૃશ્ચિક રાશિના જાતકો માટે સિંહ રાશિમાં ગુરુનું ગોચર ઉત્તમ રહેશે. ઓફિસના બધા ટાસ્કને ખૂબ જ સાર રીતે પૂરા કરી શકશો.

### કુંભ રાશિ

કુંભ રાશિના જાતકો માટે સિંહ રાશિમાં ગુરુનું ગોચર લાભદાયક રહેશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.

**31 ઓક્ટોબર બપોરે 12:60થી 24 જાન્યુઆરી 2027 દિવસ સૂર્યની રાશિ- સિંહમાં ગુરુ ભ્રમણ કરશે જેમાં કેટલીક રાશિઓ માટે સમય ઘણો જ લાભદાયક રહેશે!!**

# મનોકામના પૂરી કરવા માટે દિવાળીમાં કયો દીવો પ્રગટાવવો જોઈએ?

દીવાની ઉત્પત્તિ સૂર્યના અંશથી થઈ છે. પૌરણિક મતો મુજબ અગ્નિનાં ત્રણ રૂપોની વ્યાખ્યા આપવામાં આવી છે. આ ત્રણરૂપ છે. આકાશમાં સૂર્ય અંતરિક્ષમાં વિદ્યુત તથા પૃથ્વી પર અગ્નિ.

'સૂયાંશ સંભવોદીપઃ' શ્લોકની આ પંક્તિ સૂર્યના અંશની પૃષ્ટિ કરે છે, કારણ કે પ્રકાશનો સંબંધ તેના કેન્દ્રમાં સૂર્ય જ છે. 'પ્રકાશ'ને એટલો પવિત્ર માનવામાં આવે છે કે બધાં માંગલિક કાર્યોથી માંડીને બધાં દેવી-દેવતાઓની આરતી સુધી તેનો પ્રયોગ અનિવાર્ય છે.

પુરાણો તથા શાસ્ત્રોમાં નવ પ્રકારની પૂજા અર્ચનાનું વિધાન છે. જેના કારણે દીપ પૂજા તથા દીપદાનને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. પ્રાચીન કાળથી જ ભારતીય પરંપરા અનુસાર કોઈ પણ શુભ કાર્યના પ્રારંભમાં દીવો પ્રગટાવવો અતિ શુભ તથા માંગલિક માનવામાં આવે છે. પુરાણો તથા શાસ્ત્રોમાં બધી જ મનોકામનાઓને પૂરી કરવા માટે દીવાના ભિન્ન-ભિન્ન પ્રકાર તથા ઉદ્દેશ જણાવ્યા છે. અલગ-અલગ ઉદ્દેશોની પ્રાપ્તિ માટે વિભિન્ન તેલો તથા ઘીથી દીવો પ્રગટાવી શકાય છે. જેનું વિભિન્ન સંહિતાઓમાં વર્ણન પણ છે.

(1) આર્થિક લાભ, વ્યાપારમાં વૃધ્ધિ તથા મનોકામનાઓ પૂરી કરવા માટે સંધ્યા કાળે ઘીનો દીવો પ્રગટાવવાનું વિધાન છે.

(2) શત્રુઓ સામે પોતાના રક્ષણ માટે તથા સૂર્ય સંબંધી કષ્ટોમાંથી મુક્તિ માટે સરસવના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ.

(3) શનિ દેવની પ્રસન્નતા માટે ન્યાય મેળવવા માટે તથા સારા આરોગ્ય માટે તલના તેલનો દીવો પ્રગટાવવો જોઈએ.



(4) સૌભાગ્ય પ્રાપ્તિ માટે મહુઆના તેલનો દીવો અર્પણ કરવો જોઇએ.

(5) રાહુ તથા કેતુની શાંતિ માટે અળસીના તેલનો દીવો પ્રગટાવીને દેવાધિદેવ ભગવાન શંકરને અર્પણ કરવો.

(6) પુરાવો તથા શાસ્ત્રોમાં સામાન્ય પૂજા માટેના સ્થળમાં એક-એક વાટના દીવો પ્રગટાવવાનું કહ્યું છે. એમ તો સામાન્ય રીતે બે દીવા પાંચ તત્ત્વોનું પ્રતિનિધિત્વ કરતાં કરતાં પાંચ દીવાની આરતીનો નયમ પણ છે. પરંતુ કેટલાક ગ્રંથોમાં વિભિન્ન દેવતાઓ માટે ભિન્ન-ભિન્ન પ્રકારના દીવા પ્રગટાવવાનું વર્ણન છે.

(7) દેવાધિદેવ ભગવાન શંકરને આઠ વારનો દીવો અર્પણ કરવો જોઈએ.

(8) વિઘ્ન વિનાશક ગણેશને 3 અથવા 12 વારનો દીવો અર્પણ કરવો જોઈએ.

(9) દેવી લક્ષ્મીજીને સાત વારનો દીવો પ્રગટાવીને અર્પણ કરવો જોઈએ.

(10) વિષ્ણુને 10 કે 16 વારનો દીવો પ્રગટાવીને અર્પણ કરવો જોઈએ.

(11) મા આદ્ય શક્તિને ફક્ત એક જ વારનો દીવો પ્રગટાવીને અર્પણ કરવાનો ઉલ્લેખ છે.

# દિવાળીથી જીવનમાં દુઃખની સમસ્યાનો કકળાટ કાઢી નાખો!

### પહેલું સુખઃ નિરોગી કાયા

જાન છે તો જહાન છે એટલે કે પહેલું સુખ નિરોગી કાયા, સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મગજ નિવાસ કરે છે. કોઈ પણ કાર્યને સાર્થક કરવા માટે સૌપ્રથમ સ્વસ્થ શરીરનું સાર્થક કરવા માટે સૌપ્રથમ સ્વસ્થ શરીરનું હોવું અતિ આવશ્યક છે. પરંતુ સ્વસ્થ શરીર પણ આજકાલ બધાને ક્યાં મળે છે. જો તમે પણ માત્ર સ્વસ્થ જ નહીં પરંતુ કાંતિમય, કંચનકાયાની સાથે મનભરીને દેવતુલ્ય જીવન જીવવા ઈચ્છો છો તો તમારે ભગવાન ધન્વન્તરીના આશીર્વાદની આવશ્યકતા છે અને તેમના આશીર્વાદ સ્વરૂપ ધારણ કરવું જોઈએ. 'ધન્વન્તરી ક્વચ.'

### બીજું સુખઃ ઘરમાં માયા

બધા દેવતાઓમાં 'કુબેર' ખાસ કરીને મુખ્ય રૂપે દેવતાઓના ધનાધ્યક્ષ તરીકે વિશેષ પ્રસિધ્ધ છે. ધનની ઈચ્છાઓ ક્યારેય ઓછી થતી નથી. પરંતુ વધતી જ રહે છે. ભગવાન શંકરની સાધના કર્યા પછી રાવણને આ કુબેર મંત્રનું જ્ઞાન ભગવાન શંકરે કરાવ્યું હતું. કોઈ વ્યક્તિ જો પેઢીઓથી દરિદ્રતા તથા અભાવથી અકળાતો હોય તો પણ 'નવનિધિપતિ ક્વચ'ને ધારણ કરવાથી દરિદ્રતા દૂર થાય છે. તથા સંપન્નતાની પ્રાપ્તિ થાય છે. અપાર ધન, વૈભવ, સંપત્તિ સંપદા, પ્રતિષ્ઠા સુખ, વિલાસિતા તથા ભવન, વાહન, આભૂષણ, નોકર, રત્ન, ભૂખંડ વગેરે પ્રાપ્ત થાય છે.

**જીવનમાં મોટા સાત સુખો છે જે કોઈને જલદીથી મળતાં નથી... પરંતુ પ્રયત્ન કરવાથી તે પણ ચમત્કારિક રીતે પ્રાપ્ત થઈ શકે છે!**




કુબેર દેવની નવા નિધિઓ-મનુષ્યો અર્થ દેવતા કહેવાય છે. આ બધું નવનિધિ ક્વચ પહેરવાથી આવે છે.

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

### ત્રીજું સુખઃપુત્ર પ્રાપ્તિ

શાસ્ત્રોમાં સંતાન સુખ-પુત્ર સુખનો કારક ગ્રહ બૃહસ્પતિ દેવતાને માનવામાં આવે છે. આજ્ઞાકારી પુત્રની ઈચ્છા કોને નથી હોતી અને માતા-પિતા પુત્રની ઉન્નતિમાં પોતાનાં ભવિષ્યનાં સપના જુવે છે. તેની શિક્ષા-દીક્ષા પર આચરણ પર પૂરું ધ્યાન આપે છે. જેથી તે ઉત્તમ પુરુષ બનીને સમાજમાં તેનું નામ રોશન કરે. દેવગુરુ બૃહસ્પતિ- જે દેવતાઓનું માર્ગદર્શન કરે છે તે અસંગત વ્યવહાર નથી કરી શકતો. બૃહસ્પતિ દેવની ઉપાસના માટે વિષ્ણુની પૂજા ઉપાસના કરવામાં આવે છે. એટલે જે ભગવાન વિષ્ણુના 10 અવતારોમાં જીવનનાં અન્યાય સંકટો પર વિજય પ્રાપ્ત કર્યો હતો એ જ રીતે તમે અને તમારું સંતાન વિજય પ્રાપ્ત કરે. 'દશાવતાર ક્વચ'થી.

### ચોથું સુખઃમાન-સન્માન

'સૂર્ય'-સત્તા, અધિકાર, પ્રબંધ, સરકાર વગેરે સંબંધિત સ્વામી ગ્રહ છે. સૂર્ય અનુકૂળ થાય ત્યારે રાજ્યની અનુકંપા, માન-સન્માનની પ્રાપ્ત ઉચ્ચ પદનો સ્નેહ, અધિકાર અને ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. અમીર હોય કે ગરીબ-સમાજમાં માન-સન્માનની આશા દરેક મનુષ્ય રાખે છે અને જ્યાં તમે જઈને ઊભા રહો ત્યાં દરેક વ્યક્તિ તમોને મળવા ઉત્સુક હોય... માથું નમાવીને નમન કરે. સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં તમારું સ્થાન હોય... આ બધું સૂર્યની કૃપાથી પ્રાપ્ત થાય છે. એટલા માટે 'દ્વાદશ આદિત્ય ક્વચ' ધારણ કરવાથી તમોને સૂર્યની કૃપામાં મદદરૂપ થાય છે.

### પાંચમું સુખઃ સુલક્ષણા નારી

એક ઘર બને છે નારીથી. માતા-પિતા, સંતાન, સમાજ અને પતિ-બધાંને એક સાથે લઈને ચાલનારી શક્તિ જ નારી છે. તમારી સાથે ખભેખભો મિલાવીને ચાલે, માતા-પિતાની સેવા કરે, સંતાનમાં સંસ્કારોનું સિંચન કરે અને હસતી-બોલતી આખા ઘરમાં શાંતિ જાળવી રાખે.... કહેવાય છે કે એક સફળ વ્યક્તિની સફળતાનો રાજ જ તેનું સુખી ગૃહસ્થ જીવન છે અને 'અષ્ટલક્ષ્મી ક્વચ' તમારી આ કામનામાં માઈલનલ પથ્થર છે. કારણ કે ગૃહલક્ષ્મીની પ્રસન્નતા સંતોષ જ સફળ જીવનનું રહસ્ય છે. ગૃહલક્ષ્મીની પ્રસન્નતા, સંતોષ જ સફળ જીવનનું રહસ્ય છે. ગૃહલક્ષ્મીની પ્રસન્નતાથી અષ્ટલક્ષ્મીને પ્રસન્ન થવાથી કોણ રોકી શકે છે?

### છઠ્ઠું સુખઃ શત્રુ પરાસ્ત

શત્રુ પછી તે રોગ હોય... દુશ્મન હોય.. કે આલોચક... તેનો સામનો કે સંઘર્ષ ઈચ્છતો નથી. કારણ કે તેની જોડે સંઘર્ષમાં ઉર્જા નષ્ટ થઈ જાય છે અને પ્રગતિ અવરોધાય છે. 'દસમહાવિદ્યા ક્વચ' એવું છે કે જેમાં આ બધાને પ્રતિરોધ કરવાની શક્તિ છે. પછી તમારી ઉન્નતિને તમારી ઉર્જાને કોણ રોકી શકે?

**દુઃખી થઈને આખી જિંદગી રડ્યા કરવું કે બીજા સામે રોદડા રડવા તેના કરતા આજે ઝડપથી સુખ મેળવવાના રસ્તા અહીં આપ્યો છે જે માત્ર ગળામાં એક જ સિધ્ધ તાવીજ-ક્વચ ધારણ કરવાથી દુઃખના દહાડા દૂર થઈ જાય છે!!**

### સાતમું સુખઃ ઇશ્વર દર્શન

મનુષ્ય જીવનના ચાર આયામ-ધર્મ, અર્થ, કામ, મોક્ષ છે. મનુષ્ય પોતાના અંતિમ પડાવ સુધી પહોંચતા પહોંચતા પોતાની કાયાની શુધ્ધિ માટે કે જીવન પર્યંત કરેલા સંગત-અસંગત વ્યવહારને ક્ષમા-યાચનાન રૂપે આત્મા સૌ પરમાત્માને માનતા પ્રભુ શરણમાં જાય છે અને ઈશ્વર દર્શનની મનોકામના કરે છે. તેને જોડાવા ઈચ્છે છે. પોતાને એકાકાર કરવા ઈચ્છે છે. પરંતુ માનવ-શરીરમાં જે સાત ચક્ર છે જેને કુંડલીની કહે છે. તે બંધન છે તે પરમાત્માથી મલવાની રાહમાં... આ સાતો ચક્રોને ખોલવાથી જ ઈશ્વર દર્શન અને પરમાત્માને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. આ 'કુંડલિની ક્વચ' મદદરૂપ થાય છે. આ સાતેય ચક્રોના બંધનોને કાટવામાં કુંડલિની જાગરણ કોઈ સરળ પ્રક્રિયા નથી. આ પ્રયાસ જીવન પર્યંતની પ્રક્રિયા છે.